# શૉટ પુટમાં તજિંદરપાલ ગોલ્ડની હેટ્રિક ચૂક્યો; સિલ્વરથી સંતોષ માનવો પડ્યો

નાગોયા, તા. 26 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં શનિવારે શૉટ પુટ (ગોળા ફેંક) સ્પર્ધામાં ભારતીય એથ્લીટ તજિંદરપાલ સિંહ તૂર ગોલ્ડ મેડલની હેટ્રિક ચૂક્યો હતો. ઈજા અને વરસાદના કારણે ભીની મેટ પર લપસી જવાના ડર વચ્ચે 31 વર્ષીય તૂરે 20.64 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. એશિયાડના ઈતિહાસમાં તૂરનો આ સતત ત્રીજો મેડલ છે, આ પહેલાં તેણે 2018 જકાર્તા અને 2022 હેંગઝોઉમાં ગોલ્ડ જીત્યા હતા.

ઈરાનના મોહમ્મદરેઝા તયેબીસે 20.81 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તેણે આ સાથે જ 2018માં તજિંદરપાલ તૂરે બનાવેલો 20.75 મીટરનો એશિયન ગેમ્સ રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો. સૌદી અરેબિયાના મોહમ્મદ તોલુએ 20.48 મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. નિરાશા વ્યક્ત કરતા તૂરે જણાવ્યું કે તે 21 મીટરના થ્રો સાથે ગોલ્ડની હેટ્રિક માટે સજ્જ હતો, પરંતુ આ પરિસ્થિતિઓમાં સિલ્વર મળવાનો પણ આનંદ છે.





# એશિયન ગેમ્સ: કબડ્ડીમાં ભારતનું સર્વોચ્ચ શાસન

**પુરુષ** અને મહિલા બંને ટીમોએ ઈરાનને હરાવી ગોલ્ડ જીત્યો

**પુરુષ** ટીમનો એશિયન ગેમ્સમાં રેકોર્ડ કુલ 9મો ગોલ્ડ (કુલ 10 આવૃત્તિઓમાંથી)

**મહિલા** ટીમનો પણ રેકોર્ડ ચોથો ગોલ્ડ મેડલ (કુલ 5 આવૃત્તિઓમાંથી)

**મહિલા** ટીમના વિજય બાદ સ્ટેડિયમમાં વંદે માતરમના નારા લાગ્યા

નાગોયા, તા. 26 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં કબડ્ડી રમત પર ભારતનો એકચક્રી દબદબો શનિવારે પણ બરકરાર રહ્યો હતો. મેટ પર રમાયેલા હાઈ-વોલ્ટેજ ફાઈનલ મુકાબલાઓમાં ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ પોતપોતાના ચિરપરિચિત હરીફ ઈરાનને માત આપીને પોતપોતાના ગોલ્ડ મેડલનું સફળતાપૂર્વક રક્ષણ કર્યું હતું.

પુરુષ ટીમે ઈરાનને 40-34થી અને મહિલા ટીમે 37-34ના રોમાંચક સ્કોરથી પરાજય આપ્યો હતો. એશિયાડના ઈતિહાસમાં પુરુષ ટીમનો આ 9મો અને મહિલા ટીમનો 4થો ગોલ્ડ મેડલ છે.

પુરુષોની ફાઈનલમાં ઈરાને શરૂઆતથી જ આક્રમક રમત દાખવી પ્રથમ હાફમાં 18-17ની સરસાઈ મેળવી લીધી હતી.

પવન સેહરાવતની ગેરહાજરીમાં દબાણ હેઠળ આવેલી ભારતીય ટીમે હાફ-ટાઈમ બાદ પોતાની રણનીતિ બદલી હતી. અનુભવી રેડર અર્જુન દેશવાલ અને દેવાંકે ઈરાનના કોર્ટમાં ઊંડે સુધી જઈને સતત પોઈન્ટ્સ મેળવ્યા હતા. ત્યારબાદ ભારતે ઈરાનને ઓલ-આઉટ આપી 29-24ની મજબૂત લીડ મેળવી લીધી હતી. આક્રમણ અને ડિફેન્સના શ્રેષ્ઠ તાલમેલથી ભારતે આખરી મિનિટોમાં મેચ પર સંપૂર્ણ પકડ બનાવી વિજય સુનિશ્ચિત કર્યો હતો.

બીજી તરફ, મહિલાઓની ફાઈનલ પણ ભારે રોમાંચક રહી હતી. ભારતીય મહિલાઓએ અગાઉથી નક્કી કરેલી યોજના મુજબ ઈરાનની નબળી ડાબી બાજુ (લેફ્ટ ફ્લેન્ક) પર સતત પ્રહારો કર્યા હતા. કેપ્ટન પૂજા, નિકિતા અને સંજુ દેવીએ શાનદાર રેડિંગ કર્યું હતું, જ્યારે ભારતીય ડિફેન્સે ઈરાની ખેલાડીઓને મોકો આપ્યો ન હતો.

એક સમયે ઈરાને 28-27ના સ્કોર સાથે વાપસીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય મહિલાઓએ સંયમ જાળવી રાખી 37-34થી જીત મેળવી સ્ટેડિયમમાં 'વંદે માતરમ'ના નારા ગૂંજવી દીધા હતા.

# એશિયાડમાં દેખાઈ ભારતીય ખેલાડીઓની મેડલ જીતવાની નવી માનસિકતા

**ક્રિકેટ** પસંદગી સમિતિના ચેરમેન બનવું એ સન્માન સાથે ટીકાઓનું લક્ષ્ય બનવા સમાન, સારા કામો ભૂલીને એક નાની ભૂલ બદલ ચેરમેનને દોષી ઠેરવવાની પ્રથા

એશિયન ગેમ્સ હંમેશા ભારતીય રમતપ્રેમીઓ માટે કેટલીક ગર્વ અનુભવાય તેવી ક્ષણો પૂરી પાડે છે. એવી પણ ક્ષણો હોય છે જ્યાં ખૂબ જ નાના માર્જિનથી મેડલ હાથમાંથી જતો રહે છે અને ખેલાડીના આંસુ સમગ્ર દેશના રમતગમત જગતના આંસુ બની જાય છે. જ્યારે મેડલ સતત આવતા રહે છે અને આપણે એકબીજા સામે જોઈને કહીએ છીએ કે, હા, આપણે આ કરી શકીએ છીએ અને આપણે તે કરી બતાવ્યું, ત્યારે આપણે કેટલો ગર્વ અનુભવીએ છીએ.

આ આત્મવિશ્વાસ એ ભારતીય રમતગમતની સૌથી મોટી પરિવર્તનકારી વાર્તાઓમાંની એક છે. સ્પર્ધાઓમાં માત્ર ભાગ લેવાની માનસિકતામાંથી બહાર આવીને હવે આપણે મેડલ જીતવાનું લક્ષ્ય રાખી રહ્યા છીએ. ભારત સરકાર ખેલાડીઓને સમર્થન આપી રહી છે અને રોકડ પુરસ્કારોથી તેમને પ્રોત્સાહિત કરી રહી છે, જેના કારણે મેડલ ખૂબ જ ઝડપથી આવી રહ્યા છે. રાજ્ય સરકારો પણ પાછળ નથી, કારણ કે તેઓ પણ સન્માન સમારંભોનું આયોજન કરે છે જે રાજ્યના અન્ય મહત્વાકાંક્ષી ખેલાડીઓ માટે પણ પ્રેરણાદાયી બની રહે છે.

મહિલા ક્રિકેટ ટીમે શ્રીલંકાને ખૂબ જ પ્રભાવશાળી રીતે હરાવીને ભારત માટે પ્રથમ ગોલ્ડ મેળવ્યો હતો. તેઓ અદ્ભુત ક્રિકેટ રમી રહ્યા છે અને એશિયા કપમાં તેમની જીત અને હવે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલે મેન્સ ટીમને પણ ગોલ્ડ જીતવામાં તેમનું અનુકરણ કરવા માટે થોડું દબાણ ઊભું કર્યું છે.

જાપાન સામેની મેચ ભારતીય ટીમ માટે એક સારો પાઠ હતી જ્યાં તેઓ હારવાથી માત્ર એક સારા શોટ દૂર હતા. જ્યારે તેઓ તેમના અભિયાનની શરૂઆત કરશે ત્યારે આ બાબત તેમને યોગ્ય માનસિક સ્થિતિમાં રાખશે. તેમણે થોડું સાવધ રહેવું પડશે કારણ કે પીચ અનિશ્ચિત રહેવાની છે અને આઉટફીલ્ડની નરમાશ એવી છે જ્યાં સ્લાઈડિંગ સ્ટોપ કરવું થોડું ચિંતાજનક બની શકે છે.

જો અહેવાલોનું માનીએ તો, ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી માટે ટીમની પસંદગી નવા પસંદગી સમિતિના અધ્યક્ષ (ચેરમેન ઓફ સિલેક્ટર્સ) દ્વારા કરવામાં આવશે. બીસીસીઆઈ હજુ પણ પાંચ ઝોનમાંથી પસંદગીકારોને ચૂંટવાની પ્રથા અનુસરે છે, તેથી તે વેસ્ટ ઝોનમાંથી કોઈ હશે. રણજી ટ્રોફીની ઝોનલ સિસ્ટમ હવે ભૂતકાળ બની ગઈ છે, પરંતુ ભૂતપૂર્વ પાંચ ઝોનમાંથી પસંદગીકારોની નિમણૂક હજુ પણ ચાલી રહી છે.

રાષ્ટ્રીય પસંદગી સમિતિના ચેરમેન બનવાનું ચોક્કસપણે સન્માન છે, પરંતુ તેની સાથે ટીકાઓનું લક્ષ્ય પણ બનવું પડે છે. અમ્પાયરિંગ, વિકેટકીપિંગ અને હવે કોમેન્ટ્રીની જેમ, નવ સારા કામો ભૂલી જવામાં આવશે અને કહેવાતી એક ભૂલને 100 ગણી મોટી કરીને વારંવાર ચર્ચા કરવામાં આવશે.



લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

મોટાભાગના લોકો જે વાતથી અજાણ હોય છે તે એ છે કે, ઘણા નિર્ણયો અન્ય પસંદગીકારો દ્વારા ચેરમેન પર લાદવામાં આવી શકે છે, પરંતુ તેમણે મીડિયાનો સામનો કરવાનો હોવાથી, દોષ તેમના શીરે જ આવે છે. તેથી, ગેરસમજ કે મુશ્કેલી ઊભી કરનાર અન્ય પસંદગીકારો હોઈ શકે છે પરંતુ તે ચેરમેન છે જેમને ટીકા માટે નિશાન બનાવવામાં આવે છે.

આજકાલ કેપ્ટન ટીમ પસંદ કરવામાં પસંદગીકારો સાથે જોડાય છે કે નહીં તે ચોક્કસ નથી, પરંતુ પહેલાના દિવસોમાં જ્યારે કેપ્ટનને પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવતો હતો (ભલે વોટ આપવાના અધિકાર વિના), ત્યારે કેટલાક પસંદગીકારો માટે મીટિંગમાંથી બહાર આવીને તેમના મનપસંદ મીડિયા વ્યક્તિઓ સાથે ગુફતેગુ કરવી અને ટીમમાંથી અપ્રિય ખેલાડીઓની પસંદગીઓ તેમજ બાદબાકી માટે કેપ્ટનને દોષી ઠેરવવો એ એક સામાન્ય બાબત હતી. મારી સાથે આવું ઘણી વખત બન્યું છે અને તે બિલકુલ રમુજી નહોતું, કારણ કે તેનાથી ટીમના સાથીઓ સાથેની મિત્રતા બગડી શકી હોત. સદનસીબે એવું ન થયું, કારણ કે મોટાભાગના મિત્રો જાણતા હતા કે હું તેમની સાથે સ્પષ્ટ હતો અને સત્તાવાર જાહેરાત મીડિયા સુધી પહોંચે તે પહેલાં જ મેં તેમને જણાવી દીધું હતું.

ગુડપ્પા વિશ્વનાથ પસંદગી સમિતિના ચેરમેનનું એક ઉત્તમ ઉદાહરણ છે, જેમણે સમિતિ દ્વારા લેવાયેલા ઘણા નિર્ણયો માટે ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો જ્યાં તેમની બહુમતી સામે હાર થઈ હતી, પરંતુ ચેરમેન તરીકે, તેમણે તે રૂમમાં નીચે જવું પડતું હતું જ્યાં મીડિયા રાહ જોઈ રહ્યું હોય અને ખેલાડીઓની બાદબાકી કે પસંદગીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરવો પડતો હતો.

મારા મતે, ભારતના ખૂબ જ ઓછા ક્રિકેટરોમાંથી એક એવા વ્યક્તિ, જેમના રમવાના દિવસોમાં એક પણ દુશ્મન નહોતો, જ્યારે તેઓ પસંદગી સમિતિના ચેરમેન બન્યા ત્યારે તેમણે તે લોકપ્રિયતા થોડી ગુમાવી દીધી. ઈતિહાસ આપણને બતાવે છે કે ચેરમેન અને તેમના સાથી પસંદગીકારોએ કરેલા તમામ સારા કામો માટે તેમને ભાગ્યે જ ક્યારેય પ્રશંસા મળે છે. મોટાભાગના સમયે તેમને ટીકાઓ જ મળે છે. આગામી ચેરમેન ગમે તે બને અને તેમના રમવાના દિવસોમાં તેઓ ગમે તેટલા મહાન કે લોકપ્રિય ખેલાડી રહ્યા હોય, પરંતુ જ્યારે તેઓ તેમનો કાર્યકાળ પૂરો થયા પછી નિવૃત્ત થશે, ત્યારે તેમને જણાશે કે તેમના નામે પ્લસ કરતાં માઈનસ (નકારાત્મક બાબતો) વધારે છે, ભલે તે ગમે તેટલી ખોટી રીતે દર્શાવવામાં આવી હોય.

# સ્ક્વોશમાં અનાહત અભય સિંહ ફાઈનલમાં

**ગોલ્ડ** અને ઓલિમ્પિક ક્વોલિફિકેશનથી માત્ર એક વિજય દૂર

**અભયે** પાકિસ્તાનના ઈરફાનને માત આપી

**જોશના**-વેલાવનની જોડીએ મિક્સ્ડ ડબલ્સમાં બ્રોન્ઝ મેળવ્યો

નાગોયા, તા. 26 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભારતીય સ્ક્વોશ ખેલાડીઓ અનાહત સિંહ અને અભય સિંહે શનિવારે પોતપોતાની સેમિફાઈનલ મેચો જીતીને ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ગોલ્ડ મેડલ જીતનાર ખેલાડીને 2028ના લોસ એન્જેલિસ ઓલિમ્પિક્સ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન મળશે, તેથી બંને ભારતીય ખેલાડીઓ હવે ઓલિમ્પિક ટિકિટથી માત્ર એક વિજય દૂર છે.

18 વર્ષીય અનાહત સિંહે પોતાના કારકિર્દીની સૌથી મોટી જીત નોંધાવતા વિશ્વની છઠ્ઠા નંબરની જાપાની ખેલાડી સતૌમી વાતાનાબેને 2-3થી હરાવી હતી. બીજી તરફ, પુરુષ સિંગલ્સની સેમિફાઈનલમાં અભય સિંહે પાકિસ્તાનના મોહમ્મદ ઈરફાનને આસાન મુકાબલામાં 3-0થી માત આપી હતી.

આ સિવાય, મિક્સ્ડ ડબલ્સમાં જોશના ચિનપ્પા અને વેલાવન સેન્થિલકુમારની જોડીને સેમિફાઈનલમાં હોંગકોંગ સામે 1-2થી પરાજય મળતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

### અભય સિંહે પાકિસ્તાનના મોહમ્મદ ઈરફાન સાથે હાથ મિલાવ્યા

એશિયન ગેમ્સમાં પુરુષોની સ્ક્વોશ સેમિફાઇનલમાં ભારતના અભય સિંહે પાકિસ્તાનના મોહમ્મદ ઈરફાનને 3-0થી હરાવ્યા બાદ તેની સાથે હાથ મિલાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન સાથે હાથ મિલાવી રહી નથી. ગઈકાલે પણ જ્યારે ઈરફાને ક્વાર્ટર ફાઇનલમાં ભારતના વીર છોટરાનીને હરાવ્યો હતો, ત્યારે પણ બંને દેશોના ખેલાડીઓએ આપસમાં હાથ મિલાવ્યા (શેકહેન્ડ કર્યા) હતા.

### એશિયાડ મેન્સ ક્રિકેટ: ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાશે ક્વાર્ટર ફાઇનલ

નાગોયા, તા. 26: આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં પુરુષ ક્રિકેટ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. ગ્રુપ 'એ'માંથી નેપાળ અને અફઘાનિસ્તાને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. વર્તમાન ગોલ્ડ મેડાલિસ્ટ ભારતીય ટીમ સોમવારે સવારે 10:00 વાગ્યે રમાનારી બીજી ક્વાર્ટર ફાઇનલમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે.

વરસાદના કારણે શનિવારની લીગ મેચો ધોવાઈ ગઈ હતી. નેપાળ વિ. જાપાન મેચ વરસાદને કારણે રદ થતાં નેપાળ 3 પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોપ પર રહ્યું હતું, જ્યારે અફઘાનિસ્તાન 2 પોઈન્ટ સાથે બીજા ક્રમે રહીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું હતું.

# સાવન બરવાલનો પુરુષ મેરેથોનમાં ઐતિહાસિક સિલ્વર મેડલ

**મેરેથોનમાં** ભારતનો પ્રથમ સિલ્વર જ્યારે 1982 પછી ભારતનો પ્રથમ મેડલ

નાગોયા, તા. 26 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં શનિવારે હિમાચલ પ્રદેશના ૨૮ વર્ષીય ભારતીય સૈનિક સાવન બરવાલે પુરુષોની મેરેથોન દોડમાં પોતાના જ નેશનલ રેકોર્ડને તોડીને અણધારી સફળતા સાથે ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો છે. સાવન બરવાલે 42.195 કિ.મી. અંતરની દોડ 2 કલાક 11 મિનિટ અને 37 સેકન્ડ (2:11:37)માં પૂરી કરીને બીજું સ્થાન મેળવ્યું હતું.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 107 | 41 | 28 | 176 |
| 2 | જાપાન | 31 | 49 | 49 | 129 |
| 3 | દક્ષિણ કોરિયા | 16 | 21 | 36 | 73 |
| 4 | કઝાકિસ્તાન | 8 | 8 | 19 | 35 |
| 5 | ઉઝબેકિસ્તાન | 8 | 17 | 9 | 34 |
| 6 | થાઈલેન્ડ | 8 | 7 | 9 | 24 |
| 7 | ઇરાન | 7 | 14 | 7 | 28 |
| 8 | બહરાઇન | 7 | 2 | 2 | 11 |
| 9 | ઉત્તર કોરિયા | 5 | 5 | 4 | 14 |
| 12 | ભારત | 4 | 12 | 14 | 30 |

# શૂટિંગ: મહિલાઓની 50 મીટર રાઇફલ 3Pમાં ભારતે ટીમ સિલ્વર મેળવ્યો

નાગોયા, તા. 26 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં શનિવારે ભારતીય શૂટરોએ શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા મહિલાઓની 50 મીટર રાઇફલ 3 પોઝિશન્સ (3P) ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. તિલોત્તમા સેન, વિદર્શા વિનોદ અને આશી ચોક્સેની ભારતીય ત્રિપુટીએ કુલ 1763નો સ્કોર કરીને પોડિયમ પર બીજું સ્થાન મેળવ્યું હતું. વ્યક્તિગત ફાઇનલમાં તિલોત્તમા સેન અને વિદર્શા વિનોદ બંનેએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરી તબક્કામાં તિલોત્તમા સેન 337.3ના સ્કોર સાથે ચોથા સ્થાને રહીને મેડલ ચૂક ગઈ હતી.

# પ્રાચીએ 400 મીટર રેસમાં બ્રોન્ઝ જીત્યો

નાગોયા, તા. 26 (પીટીઆઈ): એશિયાડ ગેમ્સમાં ભારતીય એથ્લેટ પ્રાચી ચૌધરીએ મહિલાઓની 400 મીટર ફાઈનલ સ્પર્ધામાં 53.21 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. બહેરીનની સાલવા નાસેરે 49.20 સેકન્ડના ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, જ્યારે ઈરાનની ઝહરા ઝારેઈ 52.38 સેકન્ડના સમય સાથે બીજા સ્થાને રહીને સિલ્વર મેડલ જીતી હતી. આ રેસમાં ભાગ લેનાર અન્ય ભારતીય ખેલાડી કિરણ પહાલ 53.41 સેકન્ડના સમય સાથે પાંચમા ક્રમે રહી હતી. મેડલ જીત્યા બાદ ખુશી વ્યક્ત કરતા પ્રાચીએ જણાવ્યું હતું કે લોકો કહેતા હતા કે તે માત્ર રિલેમાં જ મેડલ જીતી શકે છે, પરંતુ તેણે આજે સાબિત કરી દીધું છે કે તે વ્યક્તિગત 400 મીટર ઈવેન્ટમાં પણ એશિયાડ જેવા મોટા મંચ પર મેડલ જીતી શકે છે.

# એશિયાડ રાઉન્ડ-અપ: બેડમિન્ટનમાં સિંધુ અને ઉન્નતિ ક્વાર્ટરમાં, લક્ષ્ય, આયુષ બહાર

**પુરુષ** હોકી ટીમ જાપાનને હરાવી સેમિફાઈનલમાં

**ટેબલ** ટેનિસમાં ભારતનું અભિયાન સમાપ્ત



નાગોય, તા. 26 (પીટીઆઈ): એશિયાડ ગેમ્સના આજના રાઉન્ડ-અપમાં બેડમિન્ટન ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી મુખ્ય આકર્ષણ જમાવ્યું હતું.

વિશ્વના 11માં નંબરની ખેલાડી પી વી સિંધુએ મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં ચાઈનીઝ તાઈપેઈની વિશ્વના 17માં નંબરની ખેલાડી ચીઉ ચેનને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. યુવા શટલર ઉન્નતિ હૂડાએ મહિલા સિંગલ્સમાં મલેશિયાની લિંગ વોંગ સામે અને વર્લ્ડ નંબર 6 ઈન્ડોનેશિયાની પુતરી કુસુમા વરદાની સામે વિજય મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો મુકાબલો જાપાનની આકને યામાગુચી સામે થશે. આ ઉપરાંત, મહિલા ડબલ્સ જોડી ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદએ જાપાનની વર્લ્ડ નંબર 3 માયુ માત્સુમોતો અને યુકી ફુકુશિમાને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી, જોકે લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી હારીને બહાર થઈ ગયા હતા.

અન્ય રમતોમાં, હોકીની પુરૂષ ટીમ જાપાન સામે 2-0થી જીત મેળવીને સેમિફાઈનલમાં પહોંચી છે. તીરંદાજીમાં ધીરજ બોમદેવરાએ 698 પોઈન્ટ સાથે નવો રેકોર્ડ બનાવ્યો અને ચિકીથા તાનીપાર્થીએ 705 પોઈન્ટ મેળવીને શાનદાર શરૂઆત કરી હતી. ટેબલ ટેનિસમાં માનુષ શાહ અને યુશસ્વીની ઘોરપાડે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં હારી જવાથી ભારતનું અભિયાન સમાપ્ત થયું હતું. દિવસના અંતે ભારત કુલ 30 મેડલ સાથે 10મા સ્થાને પહોંચી ગયું છે.

# આજે વિન્ડિઝ સામે રોહિત-કોહલીની ફિટનેસ અને યુવા ખેલાડીઓ પર નજર

**વિરાટ** કોહલી 15,000 વન-ડે રન પૂરા કરવાથી માત્ર 51 રન દૂર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 2.00 વાગ્યાથી

તિરૂવનંતપુરમ, તા. 26 (પીટીઆઈ): 2027 આઈસીસી વન-ડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે 3 મેચોની વન-ડે સિરીઝનો પ્રારંભ રવિવારથી થવા જઈ રહ્યો છે. આ શ્રેણી ભારતીય ટીમ માટે યુવા ખેલાડીઓને પૂરતી તકો આપવા અને કેપ્ટન રોહિત શર્મા તથા વિરાટ કોહલીની વર્લ્ડકપ માટેની સજ્જતા ચકાસવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે.

ભારત પાસે વર્લ્ડકપ પહેલાં માત્ર 14થી 20 વન-ડે મેચો બાકી છે. આ સિરીઝમાં યશસ્વી જયસ્વાલની વાપસી થઈ છે, તેથી તે રોહિત શર્મા સાથે ઓપનિંગ કરશે કે પછી રોહિત-ગિલની જોડી જ જોવા મળશે તે જોવું રસપ્રદ રહેશે. વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં સચિન તેંડુલકર પછી 15000 રન પૂરા કરનારો બીજો બેટ્સમેન બનવાથી માત્ર 51 રન દૂર છે.

બીજી તરફ, હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થતાં 23 વર્ષીય ઓલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી માટે આ સિરીઝ મહત્ત્વની સાબિત થશે. બોલિંગ કોચ મોર્ને મોર્કેલે પણ રેડ્ડીને શ્રેષ્ઠ ઓલરાઉન્ડર તરીકે તૈયાર કરવા પર ભાર મૂક્યો છે. આ સિવાય ગુરનૂર બરાર અને અકીબ નબી જેવા યુવા ફાસ્ટ બોલરોને મેચ પ્રેક્ટિસ આપવામાં આવશે. વેસ્ટઈન્ડિઝની ટીમ શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામેની હારને ભૂલીને ભારતીય પડકારનો સામનો કરવા મેદાનમાં ઉતરશે.

# આ મારી કારકિર્દીનો અંતિમ વર્લ્ડકપ: કોહલી

**ટ્રોફી** જીતવા માટે હું મારું બધું જ ન્યોછાવર કરી દઈશ: કોહલી

**હાલમાં** જ બીસીસીઆઈએ રોહિતના ભવિષ્ય અંગેની અટકળો ફગાવી હતી





તિરૂવનંતપુર, તા. 26 (પીટીઆઈ): વેસ્ટ ઈન્ડિઝ સામે રવિવારથી શરૂ થઈ રહેલી વન-ડે શ્રેણી પહેલાં ભારતીય ક્રિકેટના બે મહાન બેટ્સમેનો વિરાટ કોહલી અને રોહિત શર્માએ 2027માં યોજાનારા વન-ડે વર્લ્ડકપ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.

37 વર્ષીય વિરાટ કોહલીએ જાહેરાત કરી છે કે સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનારો આગામી વર્લ્ડકપ દેશ માટે તેનો છેલ્લો વર્લ્ડ કપ હશે. 2011ની વર્લ્ડકપ વિજેતા ટીમનો ભાગ રહી ચૂકેલા કોહલીએ જણાવ્યું કે, 'ભારત માટે આ મારો છેલ્લો વર્લ્ડ કપ હશે અને ટ્રોફી જીતવા માટે હું મારું બધું જ ન્યોછાવર કરી દઈશ.'

### મારું કામ હજી પૂરું નથી થયું: રોહિત શર્મા

બીજી તરફ, 39 વર્ષીય ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ 2027ના વર્લ્ડકપ સુધી રમવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'મારી કારકિર્દી પૂરી થઈ ગઈ છે એવો વિચાર મારા મગજમાં ક્યારેય નથી આવતો. હું આવનારા વર્લ્ડકપ પર ધ્યાન આપી રહ્યો છું.' હાલમાં જ બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સૈકિયાએ પણ રોહિત શર્માના ભવિષ્ય અંગે ચાલતી તમામ અટકળો ફગાવીને તેનો પક્ષ લીધો હતો.

## એશિયાડમાં આજે ભારતનો કાર્યક્રમ

**એથ્લેટીક્સ :** ડેવિડ સોલોમન પટ્ટુરાજ પુરુષ લોન્ગ જમ્પ ક્વોલિફિકેશન ગ્રુપ A માં સવારે 9:10 વાગ્યે

તેજસ્વિન શંકર અને થૌફીક નૌશાદ પુરુષ ડેકાથલોન જેવલિન થ્રોમાં બપોરે 3:35 વાગ્યે

શૈલી સિંહ અને એન્સી સોજન મહિલા લોન્ગ જમ્પ ફાઇનલ (મેડલ ઈવેન્ટ) માં બપોરે 3:35 વાગ્યે

હરિતા ભદ્રા અને ઉન્નતિ બોલેન્ડ મહિલા 200 મીટર ફાઇનલ (મેડલ ઈવેન્ટ) માં બપોરે 3:55 વાગ્યે

અનિમેશ કુજુર પુરુષ 200 મીટર ફાઇનલ (મેડલ ઈવેન્ટ) માં સાંજે 4:05 વાગ્યે

સરવેશ કુશારે અને જે આદર્શ રામ પુરુષ હાઇ જમ્પ ફાઇનલ (મેડલ ઈવેન્ટ) માં સાંજે 4:15 વાગ્યે

નંદિની કોંગન મહિલા 100 મીટર હર્ડલ્સ (મેડલ ઈવેન્ટ) માં સાંજે 4:53 વાગ્યે

મોહમ્મદ અફસલ અને ક્રિશન કુમાર પુરુષ 800 મીટર હીટ્સમાં સાંજે 5:00 વાગ્યે

તેજસ્વિન શંકર અને થૌફીક નૌશાદ પુરુષ ડેકાથલોન 1500 મીટરમાં સાંજે 5:40 વાગ્યે

પારુલ ચૌધરી અને અંકિતા મહિલા 3000 મીટર સ્ટીપલચેઝ ફાઇનલ (મેડલ ઈવેન્ટ) માં સાંજે 5:52 વાગ્યે

ભારતીય ટીમ મહિલા 4x100 મીટર રિલે હીટ્સમાં સાંજે 6:15 વાગ્યે

**બોક્સિંગ :**

અંકુશ વિ. નેકરુઝ સલીમોવ (તાજિકિસ્તાન) પુરુષ 80 કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં સવારે 9:45 વાગ્યે

પરવીન વિ. નવબખોર ખામીદોવા (ઉઝબેકિસ્તાન) મહિલા 65 કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં બપોરે 2:00 વાગ્યે

સચિન સિવાચ વિ. શુનસુકે કિતામોતો (જાપાન) પુરુષ 60 કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં બપોરે 2:45 વાગ્યે

નરેન્દર વિ. અદથાપોંગ સૈંગતેપ (થાઇલેન્ડ) પુરુષ 90+ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં બપોરે 3:45 વાગ્યે

**વેઇટલિફ્ટિંગ :**

હરજિંદર કૌર મહિલા 69 કિગ્રા (મેડલ ઈવેન્ટ) માં સવારે 10:00 વાગ્યે

**સ્ક્વોશ :**

અભય સિંહ વિ. એનજી એઈન યોવ (મલેશિયા) પુરુષ સિંગલ્સ ગોલ્ડ મેડલ મેચ બપોરે 12:30 વાગ્યે

અનાહત સિંહ વિ. શિવસંગરી સુબ્રમણ્યમ (મલેશિયા) મહિલા સિંગલ્સ ગોલ્ડ મેડલ મેચ બપોરે 1:30 વાગ્યે

## આજનું પંચાંગ

**તા. 27/09/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ : એક : 21:00 -મહાલય શ્રાદ્ધારંભ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 05
**યોગ :** વૃદ્ધિ **કરણ:** બાવલ
**નક્ષત્ર :** ઊ.ભા. 11:09 પછી રેવતી
**રાશિ:** મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** પ્રતિપદા શ્રાદ્ધ, એકમનું શ્રાદ્ધ
**સુરતમાં સૂર્યોદય :** 06:30 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:29
**નવકારસી :** 07:18
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 14મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** પોતાનો પ્રભાવ બતાવવાનો મોકો મળે. પ્રવાસમાં ના સંબંધો બને. આવક વધે. કામકાજમાં અનુકુળતા રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં આત્મવિશ્વાસનો સાથ રહેશે. હરીફોથી સાવધાન રહેવું. વિવાદથી દૂર રહેવું.

**મિથુન (ક,છ,ઘ,):** પરિવારની સાથે રહીને કામ કરવાથી અનુકૂળતા રહે. સામાજિક પ્રશ્નો સતાવે. આવક કરતાં ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** ટીમ વર્કનો લાભ મળે. નોકરીમાં જવાબદારી વધે. નવા ફેરફારથી અનુકૂળતા રહે. સમાજમાં યશ મળે.

**સિંહ (મ,ટ,):** હરીફોથી નુકશાન થઇ શકે છે. સરકારી કામમાં ધીરજ રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગીદારીમાં નવી યોજના બને. રોજનાં કામ સરળ બને. આવક વધે. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે.

**તુલા (ર,ત,):** સરકારી નોકરીયાતની દોડ-ધામ વધે. નવી જવાબદારીથી બોજ વધે. અને આરોગ્ય નરમ-ગરમ રહે.

**વૃશ્ચિક (ન,ય,):** પરીક્ષામાં તક મળે. મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોના કામ થાય. મોજ-શોખના ધંધામાં આવક થઇ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** બહારનાં કામમાં મદદ મળે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય. સામાજિક પ્રશ્નો સતાવે. આવક વધે.

**મકર (ખ,જ,):** દલાલી અને પ્રવાસને લગતાં કામમાં પ્રગતિ થાય. જીવન સાથી સાથે સામાજિક કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** બૌદ્ધિક કાર્ય સફળ થાય. પારિવારિક ધંધામાં આવક વધે. ઘરમાં અવર-જવરથી અશાંતિ પેદા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશના કામ પાર પડે. નવા સંબંધો બનશે.

### કોઈ પણ સાલમાં 27 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં નવા ફેરફાર સ્થાન ફેર જવાબદારી દોડધામ અને ટેકનોલોજી વગેરેનો અનુભવ થાય. અને માનસિક પીડા વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે.ઉઘરાણીની ચિંતા સતાવે સમાજ અને પારિવારિક બાબતે સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોના કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં સફળતા મળે. વડીલોનો સાથ સામાજિક પ્રશ્નો વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં મળે. સ્ત્રી વર્ગે આરોગ્યઅને માનસિક બાબતે ખાસ ધ્યાન રાખવું. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ, ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર, 09, 18., 27 તારીખે નવા કામ કરવાં. લાલ રંગનો ઉપયોગ વધારવો. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર, 08,17, 26 તારીખે, નવા કામ ટાળવો. સફેદ ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતા રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઉધરસની ગોળી

એલચી, લવિંગ, બહેડા છાલ, વરિયાળી, કાથો, જેઠીમધ, કાળાં મરી દરેક 40 ગ્રામ, જેઠીમધનો શીરો 160 ગ્રામ લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરો. મેન્થોલ 10 ગ્રામ અને કપુર 5 ગ્રામ ભેળવી, જરૂર પૂરતું પાણી છાંટી ચણા જેવડી ગોળીઓ વાળી સૂકવી ભરી રાખવી. ખાંસી હોય તો, આખા દિવસમાં દશથી પંદર ગોળીઓ ચૂસી જવી.